કોઈના પગલામાં ડગ ભરતો નથી,
હું મને ખુદને અનુસરતો નથી

શ્વાસ પર જીવી રહ્યો છું તે છતાં
હું ભરોસો શ્વાસનો કરતો નથી.

મારે કાયમ એક ચહેરો છે ફક્ત,
હું કદી દર્પણને છેતરતો નથી

ક્યાંક નાછૂટકે દુવા માગી લઉં,
હું ખુદાને રોજ વાપરતો નથી.

કંઈક ફરિશ્તાઓ વગોવાઈ જશે,
એટલે ભૂતકાળ ખોતરતો નથી.

ચાહું તો ખુદને સમેટી પણ શકું,
હું વધારે પડતો વિસ્તરતો નથી.

ને ખલીલ એ પારધીની વાત ક્યાં,
લોભ પણ ક્યાં જાળ પાથરતો નથી.

■

પગ નથી ધરતી ઉપર ને આભ માથા પર નથી,
બેઉમાંથી કોઈનો પણ કબજો મારા પર નથી.

પગ પસારું છું હંમેશાં હું મારી ચાદર મુજબ,
બોજ કંઈ મારી હયાતીનો આ દુનિયા પર નથી!

મર્દ છું, અશ્રુ વિના પણ રડતાં ફાવે છે મને,
જોઈ લો એકે ઉઝરડો મારા ચ્હેરા પર નથી.

આત્માને પણ સતત ઝળહળતો રાખું છું સદા,
રોશની માટે બધો આધાર દીવા પર નથી!

કેટલી એકલતા મારી ચોતરફ વ્યાપી ગઈ,
એક પણ ચકલીનો માળો મારા ફોટા પર નથી.

સો ટકા ઘર બદલીને બીજે કશે ચાલ્યા ગયા,
ફૂલવાળો એમના ફળિયાના નાકા પર નથી!

મારી મંઝિલ તો હંમેશાં હોય મારા પગ તળે,
હું ખલીલ અત્યારે અંતરિયાળ રસ્તા પર નથી.

■

જિંદગી પરસેવાથી માંજી છે ભાઈ,
એટલે તો આટલી ચમકી છે ભાઈ!

કાલ રાતે એકલો જાગ્યો નથી હું,
મીણબત્તી રાતભર સળગી છે ભાઈ!

કેમ માનું કે વસંત આવી ગઈ છે,
ક્યાં નવી કૂંપળ ફરી ફૂટી છે ભાઈ!

બે પવાલા કાલ પણ ઓછા પડ્યા'તા,
વેંત ચાદર આજ પણ ખૂટી છે ભાઈ!

ચોતરફ નફરતની તેજાબી હવા છે,
આપણો તો બસ ખુદા બેલી છે ભાઈ.

હાથ મારા ચોતરફથી ભીડમાં છે,
જાત તો એકાંતમાં મૂકી છે ભાઈ!

દીકરાએ ઓરડીના ભાગ કરવા,
બાપ મરવાની દુવા માગી છે ભાઈ!

આપણે દોડ્યા બધે લઈને સફરજન,
આપણી કોણે ખબર પૂછી છે ભાઈ!

હું ખલીલ એંસીમા વરસે છું અડીખમ,
બીડીઓ પાંસઠ વરસ ફૂંકી છે ભાઈ!

■

કદી મૂડ હો તો દુવા સાંભળે છે,
બધી વાત તો ક્યાં ખુદા સાંભળે છે.

તિમિર આજ નાચે નહીં તો કરે શું?
દીવો ગણગણે ને હવા સાંભળે છે.

હમેશાં એ મોહી પડે છે બદન પર,
નજર ક્યાં હૃદયની કથા સાંભળે છે.

અહીં લોક બેફામ બોલે છે આજે,
નગર રોજ કિસ્સા નવા સાંભળે છે.

મદદમાં કહો કોણ દોડીને આવ્યું,
બધા કાકા મામા ફુવા સાંભળે છે.

ખલીલ આજ ના દાદની આશ રાખો,
ગઝલ આજ વા'લાં સગાં સાંભળે છે!

■

માથા ફરેલ ઊગતો સૂરજ નમી જશે,
એનીય ક્યાંક સાંજ હશે, આથમી જશે.

સારું કે નરસું, કાંઈ પણ, વીફરે તો ના ખપે,
ખૂશબુનું જોર વધશે તો માથું ભમી જશે.

મારા મરણની ક્યાંકથી અફવા ઉડાડી જો,
બે ચાર પાંચ જણને તો નક્કી ગમી જશે.

માણસ જરૂર ચાંદ પર પ્હોંચી જશે હવે,
પણ આદમી સુધી ન કોઈ આદમી જશે.

પહેલાં તમે નજરમાં તો આવો, પછી જુઓ,
મારા હૃદય સુધી તમારી બાતમી જશે.

પથ્થર ઉપર બેચાર પ્રહારો કરી તો જો,
નાજુક છે દિલ છતાંય એ ઝટકા ખમી જશે.

ભૂતકાળને ખલીલ આજે યાદ ના કરો,
છાતી કઠણ છે તે છતાં આંખો ઝમી જશે.

■

શ્વાસની ચાદર વણે છે વાલમો,
વર્ષ એંસીમું ગણે છે વાલમો.

ડ્રાઇવિંગનું લાઇસન લેવા હવે,
આઠમું ધોરણ ભણે છે વાલમો.

આપમેળે જે મળે તે મેળવે,
ઇચ્છાઓને અવગણે છે વાલમો.

ધન જરૂરી છે છતાં માયા નથી,
કીર્તિના કિલ્લા ચણે છે વાલમો.

દિલમાં વાવી પ્રેમની ચિનગારીઓ,
આગનાં ઠૂંડાં લણે છે વાલમો.

સામસામે ભેખડો, વચ્ચે નદી
આ તરફ છે એ - પણે છે વાલમો.

આમ નહિતર હેડકી આવે નહીં.
યાદને ચૂંટી ખણે છે વાલમો.

ઓસરી પણ કેવી મૂંઝવણમાં પડી,
ધ્યાન ઘરમાં, આંગણે છે વાલમો.

કાં ખલીલ આજે નજર કાં ફેરવી,
તમને ક્યારે અવગણે છે વાલમો.

■

ના, ભરોસો ના કરો, કમજાત લાગે છે મને,
આ હવા ભીતરથી ઝંઝાવાત લાગે છે મને.

લોક કે' છે સૂર્ય ઊગ્યાને તો વર્ષો થઈ ગયાં,
પણ અહીં વરસો પછી પણ રાત લાગે છે મને.

હીબકાં છાતીમાં તોડે છે હૃદયની ભેખડો,
આંખના અશ્રુય ઉલ્કાપાત લાગે છે મને.

એ શુભેચ્છા પાઠવે છે એટલી તોરાઈથી,
કે દુવાઓ પણ હવે ખેરાત લાગે છે મને.

એમ કરને, મારા જખ્મો પર નમક ભભરાવ તું,
આ દિલાસા તો હવે આઘાત લાગે છે મને,

તારું ગુજરાતીપણું મહેક્યું છે ત્યાં પણ એટલું,
તું રહે છે એ મલક ગુજરાત લાગે છે મને.

આંખ, ચ્હેરો વાળ એનાં, છે ગઝલપુસ્તક સમા,
સાદગી, સારાંશ ને સોગાત લાગે છે મને.

પણ ખલીલ અંધારું સૂરજને શું દેખાતું નથી?
ભરબપોરે પણ હવે મધરાત લાગે છે મને!

■

તમારા ઘરના દીવા રાતે રસ્તામાં હતા કે શું?
પવન ફંટાઈ જાશે, એ ભરોસામાં હતા કે શું?

ઘરે પહોંચ્યો તો દરવાજાએ પૂછ્યું ક્યાંથી આવો છો?
સુગંધ આ શેની છે, સાંજે બગીચામાં હતા કે શું?

તમારા દિલના ધબકારા અજાણ્યા કેમ લાગે છે!
તમે પણ કાલે તરણેતરના મેળામાં હતા કે શું?

ઘણી વાતો ઘણાં વરસો પછી કાલે કહી નાખી,
હવે એ પણ કહો ગઈ રાતે સ્વપ્નામાં હતા કે શું?

તમે ચૂપચાપ સાંભળતા રહ્યા નિર્લેપ દૃષ્ટિથી,
વિચારોમાં કોઈ બીજાની દુનિયામાં હતા કે શું?

દિવસ રઘવાટમાં કાઢ્યો ને રાતે પણ નથી સૂતા,
તમારાં પણ વહાણો કાલે દરિયામાં હતાં કે શું?

ફરી બેચાર પથ્થર એ તરફથી આ તરફ આવ્યા,
તમે પાછા ખલીલ એના જ ફળિયામાં હતા કે શું?

■

બીડેલ પોપચાંની બારીક તિરાડમાંથી,
સ્વપ્નાં પ્રવેશવાનાં પાંપણની વાડમાંથી!

આજે એ આવશેની દિલને ખબર પડી છે,
છટકે ન ક્યાંક જોજે ધબકારો નાડમાંથી.

આજે મિલનની આશા બે પાંદડે થવાની,
ફણગાશે બે ટકોરા ફળદ્રુપ કમાડમાંથી.

તડકાનાં ગોળ લાંબાં ટપકાં છે છાંયડામાં,
એ તો સૂરજનાં આંસુ ટપકે છે ઝાડમાંથી.

આજેય છે અડીખમ ગિરનારનો ખોંખારો,
સંભળાય રોજ સાંજે સાવજની ત્રાડમાંથી.

પૂરો પગાર તો ક્યાં મળવાનો દર મહિને,
થોડાઘણા કપાશે જૂના ઉપાડમાંથી.

આંસુ ખલીલ અણનમ માણસની આંખમાં પણ,
પ્રગટે છે જાણે ઝરણાં દિગ્ગજ પહાડમાંથી.

■

કોઈના સૂરજને કાં ઝાંખો કરો,
પોતપોતાના ઘરે દીવો કરો.

પગ સલામત છે ફક્ત ઊભો કરો,
ચાલવા મંડી જશે, ટેકો કરો.

એ પછી વધઘટ બરાબર થઈ જશે,
પગ તમે ચાદર મુજબ લાંબો કરો!

આગ તો છે અર્થની તાસીરમાં,
શબ્દ ફાવે તેટલો ઠંડો કરો!

સાંજ લગ આકાશગંગા થઈ જશે,
ભીંત પર ખાલી તમે લીટો કરો!

હા, વિવેચક છો તમે જાણું છું હું,
પણ જરા આઘા ખસો રસ્તો કરો.

આપ છો ભાષાભવનના માસ્તર,
લો જરા ટહુકાનો તરજુમો કરો!

એ ખલીલ આવ્યા છે પાટો બાંધવા,
ખોતરીને ઘાવને મોટો કરો!

નદીને પૂછો, ગગનને પૂછો, ધરાને પૂછો, શું પૂછવું છે?
હજાર પ્રશ્નો છે સૌની પાસે બધાને પૂછો, શું પૂછવું છે?

નથી અમે કંઈ અમારા ઘરમાં ઉછીનું અજવાળું લઈને બેઠા,
અમારા દીવા સળગતા રાખો હવાને પૂછો, શું પૂછવું છે!

અમે તો નેકી-બદીનો આખો હિસાબ મોઢે કરી લીધો છે,
ઊઠો ફરિશ્તા, તમે તમારા ખુદાને પૂછો, શું પૂછવું છે!

અમારા જખ્મો, અમારી પીડા, અમારી બીમારી ત્યાં ને ત્યાં છે,
તબીબ પાસે જવાબ માગો, દવાને પૂછો, શું પૂછવું છે!

સફર છે લાંબી ને રસ્તો ટૂંકો, છે રાત થોડી ને વેશ ઝાઝા,
કરી આ કોણે દશા અમારી દિશાને પૂછો, શું પૂછવું છે!

દરેક વાતે કશુંક ખૂટે, વિચાર ટાંકો ને ટેભા તૂટે,
યુગોથી બેઠી છે આ પનોતી દશાને પૂછો, શું પૂછવું છે?

ખલીલ જીવી રહ્યો છે માણસ ને માણસાઈ મરી ચૂકી છે,
હયાતી પાસે જવાબ ક્યાં છે, ફનાને પૂછો, શું પૂછવું છે!

■

રઝળતી ચીસમાંથી છંદોલયની શક્યતા શોધો,
ને એમાંથી પછી તાજા વિષયની શક્યતા શોધો.

ઘણું કહેવાનું ભીતર તરફડે ને મૌન ના તૂટે,
હવે આથી વધુ કપરા સમયની શક્યતા શોધો.

ઉગમણા સૂર્યને હંમેશ હંફાવે છે પડછાયા,
ઊઠો, બીજી દિશામાં સૂર્યોદયની શક્યતા શોધો.

હજી પીછો કરે છે પાછલાં વરસોની ઘટનાઓ,
બધું ભૂલી શકે એવા હૃદયની શક્યતા શોધો.

તમારી ચેતનાને કાટ લાગી જાય તે પહેલાં,
તમારી ગાઢ નિર્ભયતામાં ભયની શક્યતા શોધો.

દીવા માટે નહીં, અજવાળાની ઇજ્જત અદબ ખાતર,
હવાઓના કબીલામાં વિનયની શક્યતા શોધો.

ખલીલ આ ધૂળમાં તરતી મૂકો કાગળની હોડીને,
ને પરપોટામાં ધસમસતા પ્રલયની શક્યતા શોધો.

આ સમય ક્યારેય બારોબાર હાથ આવે નહીં,
એક વાર આવે તો બીજી વાર હાથ આવે નહીં.

રાત આખી લો'ય તરસ્યા કાફિયા શોધ્યા કરો,
આમ કંઈ આખી ગઝલ તૈયાર હાથ આવે નહીં.

આથી ઉત્તમ દાખલો શું હોય નિષ્ફળ પ્રેમનો,
ભાંગે પરપોટા અને ભંગાર હાથ આવે નહીં.

હાથ તો એનો તમારા હાથમાં આવી શકે,
તોય એના સ્પર્શનો આકાર હાથ આવે નહીં.

આ કલમ આવી છે મારા હાથમાં બસ ત્યારથી,
રોજ માગું છું દુવા તલવાર હાથ આવે નહીં.

તો પછી એવા બગીચામાં જવાનો અર્થ શો?
ફૂલ એકાદુંય ખુશબૂદાર હાથ આવે નહીં.

તસ્કરી એવી ખલીલ ઊંચા દરજ્જે થાય છે,
ચોર ના પકડાય, ચોકીદાર હાથ આવે નહીં.

■

ટેરવું અડાડે છે,
કેટલું દઝાડે છે!

બાર વાગવા આવ્યા,
ક્યાં સુધી જગાડે છે!

જિન્દગી છે પોતીકી,
આ શરીર ભાડે છે!

એમને સમય ક્યાં છે
તું સમય બગાડે છે!

પ્રેમ છે ભરમ તારો,
એ તને રમાડે છે!

તું ટકોરા ક્યાં મારે,
સાંકળો કમાડે છે!

ડર ને લોભ માણસને,
ક્યાંથી ક્યાં ભગાડે છે!

તું ખલીલ સાંભળને,
ચીસ કોણ પાડે છે!

■

અજાણી કોઈ ખુશબૂ ક્યાંકથી રસ્તામાં ઊતરી છે,
હવે એના વિશે આખી સભા ચર્ચામાં ઊતરી છે.

સમસ્યા ક્યાં હતી કંઈ માનવીના આગમન પહેલાં,
બધી મુશ્કેલીઓ તો એ પછી દુનિયામાં ઊતરી છે.

નવાં પાકાં મકાનોને ઉથામો તો જડી આવે,
નથી જે શહેરમાં એવી ગલી નકશામાં ઊતરી છે!

ગમે ત્યાંથી ગમે તેવી બુલંદી માપવા માટે,
ઘણા ખમતીધરોની આબરૂ ખાડામાં ઊતરી છે!

હવે દીવાઓ પણ ભડકે ચડી પડદાઓ સૂંઘે છે,
હવા પણ વાળ છુટ્ટા વીંઝતી ફળિયામાં ઊતરી છે.

ખલીલ આજે તરસની આબરૂ સચવાય તો સારું,
બિચારી એકલી પાણી પીવા કૂવામાં ઊતરી છે!

■

સૂર્યમુખી

ડાળ મારી, પાંદડાં મારાં, હવા મારી નથી,!
ઝાડ કરતાં સ્હેજ પણ ઓછી વ્યથા મારી નથી.

કાલ પહેરેદારને પીંજરાના પક્ષીએ કહ્યું,
જે દશા તારી થઈ છે, એ દશા મારી નથી.

જેમાં સૌને પોતપોતાની છબિ દેખાય ના,
એ ગઝલ મારી નથી, એ વારતા મારી નથી.

મારવા ચાહે તો આંખોમાં ડુબાડી દે મને,
આમ આ તડકે મૂકી દેવો, સજા મારી નથી.

પગ ઉપાડું કે તરત ઊઘડે છે રસ્તા ચોતરફ,
જે તરફ દોડે છે ટોળું, એ દિશા મારી નથી.

તું નજર વાળે ને કંઈ ટુચકો કરે તો થાય કંઈ,
દાક્તર કે વૈદ્ય પાસે પણ દવા મારી નથી.

દીપ પ્રગટાવી ખલીલ અજવાળું કરીએ તો ખરું,
ચંદ્ર ઘરમાં ઊતરે એવી દુવા મારી નથી.

■